# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતમાન મૂલ્યોનો અભ્યાસ

રોશની બી. આયતોડા
આસિસ્ટન્ટ પ્રોફેસર,
ભગવાન મહાવીર બી.ઍડ્. કોલેજ, વેસુ - સુરત.

**સારાંશ**

પ્રસ્તુત સંશોધનમાં બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતમાન મૂલ્યોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.આ સંશોધનનો હેતુ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતમાન વ્યકિતગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, નૈતિક મૂલ્યોનો અભ્યાસ કરવાનો હતો. આ સંશોધનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ત્રણ બી.ઍડ્. કોલેજના કુલ ૩૬૭ પ્રશિક્ષણાર્થીઓનો સાનુકૂળ નમૂના પસંદગી દ્વારા નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શિક્ષક - પ્રશિક્ષણ હતું. પ્રસ્તુત સંશોધન વ્યવહારુ પ્રકારનું હતું. પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.નમૂનામાં સમાવિષ્ટ બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓ પાસેથી માહિતી એકત્રીત કર્યા બાદ કાઈ વર્ગ પૃથક્કરણ પદ્ધતિ વડે ગણતરી કરી તારણો તારવવામાં આવ્યા હતા. જે ૦.૦૧ તથા ૦.૦૫ કક્ષાએ સાર્થક જોવા મળ્યા હતા.

**ચાવીરૂપ શબ્દો:** વ્યકિતગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો, નૈતિક મૂલ્યો.

## ૧. પ્રસ્તાવના

શિક્ષણના માધ્યમથી વ્યકિત, સમાજ અને રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસની સાથે જ રાષ્ટ્રના સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાનું યથાયોગ્ય જતન પણ થાય છે. નવી પેઢીમાં પોતાની સંસ્કૃતિની વિકાસયાત્રાને આગળ ધપાવવી હોય તો શિક્ષણનો આધાર સંસ્કૃતિ બનવી જોઇએ. શિક્ષણ એ સંસ્કાર પ્રક્રિયા છે. જે માનવીની સર્જનશકિત, ભાવાત્મક એકતા, અખંડિતતા, સ્વાતંત્ર્ય જેવા અનેક પરિબળોને આવરી લઇ ગરિમાના વાહકોનું ઘડતર કરે છે.

આધુનિક શિક્ષણ પ્રણાલીમાં સંસ્કાર સિંચનની ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે, પરિણામે ધીમે ધીમે મૂલ્યોનો હ્રાંસ થઇ રહ્યો છે. માર્ગ ભૂલેલી શિક્ષણયાત્રાને પુનઃ તેના મુળ પથ પર લાવવા માટે શિક્ષણના આધાર તરીકે મૂલ્ય શિક્ષણ લાગુ પાડવું તે વર્તમાન સમયની આવશ્યકતા છે. શિક્ષણનો હેતુ માત્ર જ્ઞાનોપાર્જ અને બુદ્ધિના વિકાસ પૂરતો જ સીમિત બનાવી શકાય નહીં, પરંતુબાળકના નૈતિક ચારિત્ર્ય ઘડતર અને સાંસ્કૃતિક વ્યકિતત્વના નિર્માણની પ્રક્રિયાને જોતરવી રહી. વ્યકિતત્વના સર્વાંગીણ વિકાસની ઝંખનાને પરિપૂર્ણ કરવા માટે વિદ્યાલયોમાં વ્યકિતગત, સામાજિક, રાષ્ટ્રીય, નૈતિક તથા સાંસ્કૃતિક મૂલ્યલક્ષી શિક્ષણયાત્રાનો

શુભારંભ થવો જોઈએ અને આ શિક્ષણ યાત્રાનો મુખ્ય સ્ત્રોત શિક્ષકો છે. આથી આ તમામ મૂલ્યોનો સમન્વય શિક્ષકમાં થયેલ હોય એ અતિ આવશ્યક છે. તાલીમી સંસ્થામાંથી તાલીમ લેતા પ્રશિક્ષણાર્થીઓ ભવિષ્યના શિક્ષકો છે. તેથી આ પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા મૂલ્યોનો અભ્યાસ કરવા સંદર્ભે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યું હતું.

## ૨. શબ્દોની વ્યવહારીક વ્યાખ્યા

કોઈપણ સંશોધનની સમસ્યામાં કેટલાક શબ્દો જોવા મળે છે કે જેનું અર્થઘટન કરવાથી સમસ્યા સંપૂર્ણ સ્પષ્ટ બની જાય છે. આવા શબ્દોનું અર્થઘટન કરવાથી તેનો અર્થ સંશોધન પરત્વે શું છે તે જાણી શકાય છે. પદોની વ્યાવહારિક વ્યાખ્યાઓ આ પ્રમાણે છે.

### *૨.૧ પ્રશિક્ષણાર્થી*

પ્રસ્તુત સંશોધનમાંપ્રશિક્ષણાર્થી એટલે બી.ઍડ્. કોલેજમાં અનેક વિદ્યાશાખાઓનું પ્રતિનિધિત્વ કરતાં અને ભાવિ શિક્ષક તરીકેની વિધિવત્ તાલીમ પ્રાપ્ત કરતાં શિક્ષણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ.

### *૨.૨ મૂલ્યો*

મનોવૈજ્ઞાનિક, સામાજિક, નૈતિક દૃષ્ટિબિંદુના આધારે અતિ મહત્ત્વનું ગણાતું કોઇ પણ લક્ષણ, જે વ્યકિતને શ્રેષ્ઠ રીતે કાર્ય કરવાનો નિર્દેશ આપે તે મૂલ્ય.

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબના મૂલ્યોનો સમાવેશ થયો હતો.

૧. વ્યકિતગત મૂલ્યો
૨. સામાજિક મૂલ્યો
૩. રાષ્ટ્રીય મૂલ્યો
૪. નૈતિક મૂલ્યો

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન આ પ્રમાણેના હેતુ અનુસાર હાથ ધરવામાં આવ્યું હતું

૧.સુરત શહેરની બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા વ્યકિતગત મૂલ્યોનો અભ્યાસ કરવો.
૨.સુરત શહેરની બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા સામાજિકમૂલ્યોનો અભ્યાસ કરવો.
૩.સુરત શહેરની બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા રાષ્ટ્રીય મૂલ્યોનો અભ્યાસ કરવો.
૪.સુરત શહેરની બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા નૈતિક મૂલ્યોનો અભ્યાસ કરવો.

## ૪. સંશોધનના પ્રશ્નો

૧.બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા વ્યકિતગત મૂલ્યો કેવા હશે?
૨.બી.ઍડ્. સામાજિક કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા સામાજિકમૂલ્યો કેવા હશે?
૩.બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા રાષ્ટ્રીય મૂલ્યો કેવા હશે?
૪.બી.ઍડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા નૈતિક મૂલ્યો કેવા હશે?

## ૫. સંશોધનનું મહત્ત્વ

પ્રસ્તુત સંશોધનનું મહત્ત્વ આ પ્રમાણે છે.

૧.પ્રશિક્ષણાર્થીઓની મૂલ્યલક્ષી વિભાવના અંગેની દિશા નિર્દેશન પ્રાપ્ત થઇ શકે.

**૬. સંશોધનનું સીમાંકન**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નીચે મુજબની મર્યાદાઓનો સ્વીકાર કર્યો હતો.

૧.પ્રસ્તુત સંશોધનમાં ગુજરાતી માધ્યમમાં પ્રશિક્ષણ લેતા પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કર્યો હતો.

૨.પ્રસ્તુત સંશોધન પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા વ્યકિતગત મૂલ્યો, સામાજિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો તથા નૈતિક મૂલ્યાનો અભ્યાસ પૂરતો જ સીમિત હતો.

**૭. સંશોધનનું ક્ષેત્ર અને પ્રકાર**

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર શિક્ષક - પ્રશિક્ષણનું હતું તથા સંશોધન વ્યવહારિક પ્રકારનું હતું

**૭.૧ સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાંબી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતમાન મૂલ્યોનો અભ્યાસ કરવાનો હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૭.૨ વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

**૭.૨.૧ વ્યાપવિશ્વ**

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ૩૩ બી.એડ્. કોલેજના પ્રશિક્ષણાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૭.૨.૨ નમૂના પસંદગી**

પ્રસ્તુત સંશોધનમાં ૧૦% પ્રમાણે સાનુકૂળ નમૂના પસંદગી દ્વારા ૩ બી.એડ્. કોલેજના ૩૬૭ પ્રશિક્ષણાર્થીઓનો નમૂનો લેવામાં આવ્યો હતો.

**૮. ઉપકરણ સંરચના**

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને અનુરૂપ માહિતી મેળવવા તથા પ્રશિક્ષણાર્થીઓમાં પ્રર્વતતા મૂલ્યો જાણવા માટે ઉપકરણ સ્વરૂપે મૂલ્ય માપદંડ ની રચના કરી હતી. જે સારણી-૧ માં દર્શાવેલ છે.

સારણી -૧

| ક્રમ | મૂલ્યો | પેટા મૂલ્યો |
|---|---|---|
| ૧ | વ્યકિતગત મૂલ્યો | • શ્રમનું ગૌરવ<br>• વૈજ્ઞાનિક દ્દષ્ટિબિંદુ<br>• ઉદ્યમશીલતા<br>• સહનશકિત<br>• સ્વશિસ્ત<br>• જુસ્સો<br>• ઈન્દ્રિયો પરનો કાબુ |
| ૨ | સામાજિક મૂલ્યો | • જાહેર મિલકતની સંભાળ<br>• સહકાર |

| | | |
|---|---|---|
| | | • સામાજિક ન્યાય<br>• સ્ત્રીઓનો સામાજિક દરજ્જો<br>• ક્ષમા અને કરુણા<br>• લોકસેવા |
| ૩ | રાષ્ટ્રીય મૂલ્યો | • રાષ્ટ્રપ્રેમ<br>• સ્વાતંત્ર્ય<br>• રાષ્ટ્રીયતા<br>• પર્યાવરણ જાળવણી<br>• લોકશાહી વલણ |
| ૪ | નૈતિક મૂલ્યો | • શુદ્ધતા<br>• પ્રમાણિકતા<br>• માનવતા<br>• નૈતિક હિંમત<br>• ન્યાય<br>• નીતિમય વ્યવહાર<br>• અન્યોની લાગણીનો સ્વીકાર |

## ૯. માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને અનુરૂપ માહિતી મેળવવા નમૂનાના પાત્રો સાથે રૂબરૂ મુલાકાત લીધી હતી અને મૂલ્ય માપદંડ અંગેની પ્રાથમિક સમજ આપી, પ્રશિક્ષણાર્થીઓ પાસે ભરાવી પરત મેળવ્યું હતું.

## ૧૦. માહિતી પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા એકત્ર કરેલ માહિતીનું પૃથક્કરણ કાઇ વર્ગ કસોટીના આધારે કરવામાં આવ્યું હતું. સાર્થકતાની ચકાસણી ૦.૦૧ અને ૦.૦૫ કક્ષાએ કરવામાં આવી હતી.

## ૧૧. તારણો

પ્રસ્તુત સંશોધનમાં આ પ્રમાણે તારણો મળ્યા હતાં.

### ૧.વ્યક્તિગત મૂલ્યો સંદર્ભે

૧.૧ પ્રશિક્ષણાર્થીઓને દરેક કાર્યમાં આનંદનો અનુભવ થાય છે.
૧.૨ પ્રશિક્ષણાર્થીઓને અનુશાસનીય વાતાવરણ અકળાવે છે.
૧.૩પ્રશિક્ષણાર્થીઓને ભાવાત્મકતા ચલિત કરે છે.
૧.૪પ્રશિક્ષણાર્થીઓ પ્રત્યેક કાર્ય વૈજ્ઞાનિક ઢબે કરવાનું પસંદ કરે છે.

૧.૫ પ્રશિક્ષણાર્થીઓ જીવનમાં મન- વચન- કર્મની શુ જીવનમાં મન- વચન- કર્મની શુદ્ધતા જરૂરી છે એમ માને છે.

૧.૬ પ્રશિક્ષણાર્થીઓ પ્રત્યેક વ્યકિત માટે સન્માનની લાગણી ધરાવે છે.

૧.૭ પ્રશિક્ષણાર્થીઓ કપટી જીવનશૈલી ને તિરસ્કારે છે.

૧.૮ જીવનમાં બનતી દુ:ખદ ઘટના પ્રશિક્ષણાર્થીઓના જુસ્સાને રૂંધે છે.

**૨.સામાજિક મૂલ્યો સંદર્ભે**

૨.૧ પ્રશિક્ષણાર્થીઓને ભેદભાવયુકત વ્યવસ્થા કે વાતાવરણ અકળાવે છે.

૨.૨ પ્રશિક્ષણાર્થીઓ પરસ્પરના સહયોગની ભાવના ધરાવતતાં લોકો સાથે જ રેહવાનું પસંદ કરે છે.

૨.૩ પ્રશિક્ષણાર્થીઓ પ્રત્યેક વ્યકિતને સમયસર તટસ્થ ન્યાય મળે તેવું ઇચ્છે છે.

૨.૪ પ્રશિક્ષણાર્થીઓ પ્રત્યેકને ક્ષમા આપવાનું પસંદ કરતા નથી.

૨.૫ પ્રશિક્ષણાર્થીઓ જાહેર મિલકતોને થતું નુકશાન જોઇને મનમાં અંજપો અનુભવે છે.

૨.૬ પ્રશિક્ષણાર્થીઓ વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રીઓની ભાગીદારીને આવકારે છે.

**૩.રાષ્ટ્રીય મૂલ્યોસંદર્ભે**

૩.૧ પ્રશિક્ષણાર્થીઓના મતે રાષ્ટ્રીય સંપત્તિની જાળવણી શકય છે.

૩.૨ પ્રશિક્ષણાર્થીઓ અન્યના ભોગે મળતી સ્વતંત્રતાનો સ્વીકાર કરતા નથી.

૩.૩ પર્યાવરણ શુદ્ધ હોય તો જ સ્વાસ્થય સચવાય તેવું પ્રશિક્ષણાર્થીઓ માને છે.

૩.૪ પ્રશિક્ષણાર્થીઓ રાષ્ટ્રીયતાનું ગૌરવ જળવાય તેની કાળજી રાખે છે.

૩.૫ પ્રશિક્ષણાર્થીઓ સહુને સમાન તક મળે તેવો આગ્રહ રાખે છે.

**૪.નૈતિક મૂલ્યો સંદર્ભે**

૪.૧ પ્રશિક્ષણાર્થીઓ વિચાર, વાણી અને વર્તનમાં સંવાદિતા જાળવવાનો પ્રયાસ કરે છે.

૪.૨ પ્રશિક્ષણાર્થીઓ સુખ અને સમૃદ્ધિની પ્રાપ્તિ માટે નીતિ સાથે બાંધછોડ કરતા નથી.

૪.૩ પ્રશિક્ષણાર્થીઓ નીતિમય વ્યવહાર બધાની સાથે શકય નથી એવું માને છે.

૪.૪ પ્રશિક્ષણાર્થીઓ અન્યના અલગ અભિપ્રાયો કે માન્યતાઓને સ્વીકારે છે.

૪.૫ પ્રશિક્ષણાર્થીઓ નિખાલસ જીવન વ્યવહારના આગ્રહી છે.

## સંદર્ભસૂચિ

૧. Aggrawal, J.C. (1990). Indian Education in the Emerging Society. New Delhi :Vikas Publication..

૨. Bandiste, D. D. (1999). Humanist Values. New Delhi : B. R. Publishing Co.

૩. ભટ્ટ અને પંડિત (1976). જીવન વિકાસ માટેનું શિક્ષણ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૪. દરજી અને ડોંગરે (1982).કેળવણી અને ધર્મ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૫. જોષી, ડી. એચ. (2004). મૂલ્યોનું શિક્ષણ. રાજકોટ : મનોરમા પ્રકાશન.

૬. પટેલ, એચ. એસ. (1995). મૂલ્યલક્ષી શિક્ષણ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

૭. પટેલ, એમ. એમ. (2001). શિક્ષણની અસ્મિતા. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.